Residential Address — ।। ॐ ।। — **PROF. (Dr.) VASANTKUMAR M. BHATT**

A – 2, Surbhi Apartments, Subhash Society,
Vijay Cross Road, Navrang Pura,
Behind : Ishwar Bhuvan,
AHMEDABAD – 380 009
Mobile : 91 + 9427700064

Former Director, School of Languages
( Head of the Sanskrit Department )
Gujarat University, AHMEDABAD – 9
E-mail : v.k.bhatt53@gmailcom
DATE : 17-03-2024


પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા
ગીતાર્થ ગંગા

आर्ययुग। અંગે પ્રથમદર્શી વિનમ્ર અભિપ્રાય :-
સદ્ભાગ્યે મને આર્યયુગ કોશનો એક અંશ ("અદત્તાદાન") જોવા, વાંચવા માટે મળ્યો. આમ સ્થાલિ-પુલાક ન્યાયે (=તપેલીમાંથી એક દાણો) ચકાસવાનો મોકો મળ્યો. આ સન્દર્ભે મારો અભિપ્રાય નિમ્નલિખિત છે :-

૧. આ દાર્શનિક મહાકોશનો વાચક વર્ગ કયો હોઈ શકે, કે જેને તે ઉપયોગી થઈ શકે ? - એની સ્પષ્ટતા ગ્રન્થના આરંભે આપવી જોઈએ. (Target audience ?)
૨. ગુણપક્ષ :- એક એક વિષયને લઈને, તેની વ્યુત્પત્તિ, વ્યાખ્યા, સ્વરૂપ આદિની વિસ્તારમાં સમજૂતી આપી છે. આ "સ્વરૂપ"માં અનેક શાસ્ત્રો ટીકાઓના ઉદ્ધરણોનો વિપુલ ભંડાર એક જ જગ્યાએ સંગૃહીત કરી આપ્યો છે. જે સંસ્કૃત, પ્રાકૃત, મધ્યકાલીન ગુજરાતી માં છે. આ દુસ્સાધ્ય સંગ્રહ ભારે પરિશ્રમથી ઊભો કર્યો છે, જે ખરેખર અતિ પ્રશંસનીય છે. (આ ભાગને જોઈને, એને એક મધપૂડાની ઉપમા આપવાનું મન કોઈ ને પણ થશે ! એક મધપૂડાની અંદર બીજા અનેક નાના કોશ હોય છે, જેમાં પ્રત્યેક માં મધુસંચય હોય છે એવું જ અહીં પણ છે - આટલું નિર્વિવાદ પૂર્વક કહેવું પડે એમ છે.) પરંતુ આ અંશ કેવળ જૈનોના દાર્શનિક ગ્રંથોથી પરિચિત હોય, અને વિવિધ ભાષાઓનો જે જાણકાર હોય એવા વાચકને જ ખપમાં આવે એમ છે.
૩. દોષપક્ષ :- (ક)વિપુલ પ્રમાણમાં ભેગા કરેલા ઉદ્ધરણોનો અનુવાદ નહીં હોવાથી, સામાન્ય વાચકવર્ગને માટે તે અહોભાવથી જોવાનો જ વિષય બની રહેશે. - આની સાથે જો એ ઉદ્ધરણોનો સારાંશ પણ ઉમેરાશે તો જિજ્ઞાસુ ને ઉપયોગી થશે. (ખ) "સ્વરૂપ" માં આપેલ સામગ્રી વિશાળ છે. પણ આટલો મોટો ભાગ એક સાધારણ વાચકને કેવી રીતે ઉપયોગી થશે ?- એવો પ્રશ્ન મને થાય છે. (ગ) તથા સમગ્ર ઉદ્ધરણ સંગ્રહની નીચે "પરિચય"વાળા ભાગમાં આપેલ સારાંશ અતિશય ટૂકાણમાં છે. એના થકી ઉપર રજૂ થયેલ ઉદ્ધરણો માં શું શું કહેવાયેલ છે તે જૈનેતર વાચકને સદાય અજ્ઞાત જ રહેશે.
૪. મને લાગે છે કે આ કોશ થકી જૈન સાધુ ભગવંતો તથા સાધ્વીજી ભગવંતોને વ્યાખ્યાન વગેરે આપવા ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

૫. આ સંગ્રહ માં જો વિવિધ મેગેઝિન અને દૈનિક અખબારોમાં પ્રકાશિત થયેલા લેખોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હશે તો, મારું અંગત મંતવ્ય એવું છે કે આધુનિક પત્રકારો ઊંડા સંશોધનો કરીને કશું લખતા નથી. માટે એમણે લખેલી સામગ્રી અધુરી આને ક્યારે ક ક્ષતિગ્રસ્ત પણ હોય છે. તેથી એમનો સમાવેશ આ પાંડિત્યપૂર્ણ કોશમાં ન કરવો જોઈએ.
- ઉપર લખેલ મારા (અજ્ઞાનમૂલક) અભિપ્રાય જોડે સમ્મત થવું જરૂરી નથી.

V.K.Bhatt

વસન્તકુમાર ભટ્ટ, અમદાવાદ.

Residential Address || ॐ || **PROF. (Dr.) VASANTKUMAR M. BHATT**

A – 2, Surbhi Apartments, Subhash Society,
Vijay Cross Road, Navrang Pura,
Behind : Ishwar Bhuvan,
AHMEDABAD – 380 009
Mobile : 91 + 9427700064

Former Director, School of Languages
( Head of the Sanskrit Department )
Gujarat University, AHMEDABAD – 9
E-mail : v.k.bhatt53@gmailcom

DATE : 17-03-2024